Extra No. 258

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૨૫/૧૫૧/આરડી/જીએસએ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૬૯૧૭/એચ૧(સ્ટેમ્પ્સ).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Stamp Act, 1958

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૧૫૧/આરડી/જીએસએ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૬૯૧૭/એચ૧(સ્ટેમ્પ્સ):- ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, ઉપર્યુક્ત અધિનિયમની અનુસૂચિ ૧ના આર્ટિકલ ૨૦ (ખ) અને આર્ટિકલ ૨૦ (ગ) હેઠળ કરવામાં આવેલા ખત ઉપર, લેવાપાત્ર ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમનો, નીચેની શરતોના અનુપાલનને અધીન રહીને, વધુમાં વધુ ૮૦ ટકા જેટલો ઘટાડો કરે છે:-

૧. મિલકતની તબદીલી, આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા તે પહેલાં, ફાળવણી પત્ર અથવા શેર સર્ટિફિકેટથી કરવામાં આવી હોય, ત્યારે માત્ર તેવા કિસ્સામાં જ ઉપર્યુક્ત ઘટાડાનો લાભ લાગુ પડશે.

૨. અધિનિયમ હેઠળ આવી મિલકત ઉપર દરેક લેવડદેવડ પર ચુકવવાપાત્ર ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીનો ઉપર ઉલ્લેખેલ ૮૦% ઘટાડાનો લાભ, માત્ર સદરહુ અધિનિયમની કલમ ૩૯(૧)(ખ) હેઠળ નક્કી કરેલ દંડની સાથે જ મળશે.

૩. ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમ પર ૮૦% કપાત લાગુ કર્યા પછી, પરિણામી ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી અને સદરહુ અધિનિયમની કલમ ૩૯ (૧) (ખ) હેઠળ લેવાપાત્ર દંડ, ચૂકવવાપાત્ર મૂળ સ્ટેમ્પ ડ્યુટીની રકમ કરતાં ઓછી હોય, ત્યારે તેવા કિસ્સામાં, અરજદાર પાસેથી લેવાપાત્ર મૂળ સ્ટેમ્પ ડ્યુટી જેટલી ઓછામાં ઓછી રકમ વસૂલ કરવામાં આવશે.

૪. આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા તે પહેલાં, સ્વૈચ્છિક રીતે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી કરવા રજૂ કર્યા હોય અથવા તપાસ દરમિયાન બીજા કેસો સામે આવ્યા હોય તેવા કિસ્સામાં, ઉપરોક્ત ઘટાડાનો લાભ એવા કિસ્સામાં લાગુ પડશે.

૫. આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા તે પહેલાં ખૂટતી ડ્યુટી અને લાગુ પડતો દંડ ચૂકવી દેવામાં આવ્યો હોય, ત્યારે તે કિસ્સામાં પણ ઉપરોક્ત ઘટાડાનો લાભ લાગુ પડશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 16:13:20 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar